સુવિચાર : માનવી સતત જાગતો અને વિકસતો રહે એટલા માટે પ્રકૃતિએ પરીક્ષાનો સનાતન નિયમ ગોઠવેલો છે - ઇશ્વર પેટલીકર

**તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૨ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૭૨ | ૧ સપ્ટેમ્બર, ૨૦૧૫, મંગળવાર ; શ્રાવણ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- દર વર્ષે પેન્શનમાં સુધારાઓ કરી શકાય નહીં : જેટલી
- ૨૬/૧૧ જેવા વધુ હુમલા કરવા તોયબાની હિલચાલ
- અમરનાથ યાત્રા કોઈ બનાવ વગર પરિપૂર્ણ
- રામચરિત્રમાનસની ડિઝીટલ આવૃતિ વડાપ્રધાન દ્વારા લોન્ચ કરાઈ
- અનામત : જાટ સમુદાય હવે આંદોલનના મૂડમાં
- ભારતનું અર્થતંત્ર બે ટ્રિલિયન ડોલરનું થઇ ગયું છે : વર્લ્ડ બેંક
- બોલીવુડ સ્ટાર અમિતાભના ટ્વીટરને હેક કરાતા ચકચાર
- એરબસની મહિન્દ્રા સાથે હેલિકોપ્ટર સંદર્ભે કરાર
- ભાવ વધતા ઓનલાઈન ડુંગળીનું વેચાણ શરૂ થયું
- ત્રીજી ટેસ્ટ મેચ જીતવા માટે શ્રીલંકાને ૩૮૬ રનની જરૂર
- વૈશ્વિક મંદીની વચ્ચે સેન્સેક્સમાં ૧૦૯ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

# પેટ્રોલ-ડિઝલના ભાવમાં પુનઃ ઘટાડો



**ભાવ ઘટાડો આજે મધ્યરાત્રિથી અમલી કરી દેવાશે : પેટ્રોલના ભાવમાં પ્રતિ લીટર બે રૂપિયા અને ડિઝલના ભાવમાં પ્રતિ લીટર ૫૦ પૈસાનો ઘટાડો : ગાંધીનગરમાં પેટ્રોલની નવી કિંમત ૬૦.૭૧ રૂપિયા**

અમદાવાદ,તા. ૩૧

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ઘટાડાના પગલે ભારતમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડો કરાયો છે. આજે મળેલી ઓઈલ કંપનીઓની સમીક્ષા બેઠકમાં પેટ્રોલના ભાવમાં પ્રતિ લીટર બે રૂપિયા અને ડિઝલના ભાવમાં પ્રતિ લીટર ૫૦ પૈસાનો ઘટાડો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જોકે, ગુજરાતમાં વેટ સાથે પેટ્રોલમાં પ્રતિ લીટર ૨.૫૨ રૂપિયા અને ડિઝલમાં પ્રતિ લીટર ૬૩ પૈસાનો ભાવ ઘટાડો થશે. આ ભાવ ઘટાડો આજે મધ્યરાત્રિથી અમલી બનાવવામાં આવશે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ૪૪.૨૮ ડોલર પ્રતિ બેરલની નીચી સપાટીએ પહોંચી ગયા છે. ગત ૧૫ ઓગસ્ટના દિવસે ઓઈલ કંપનીઓ દ્વારા પેટ્રોલ-ડીઝલના ભાવની સમીક્ષા હાથ ધરાઈ હતી. તે સમયે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૫૦.૬૮ની સપાટીએ હતા. તે સમયે ઓઈલ કંપનીઓએ પેટ્રોલના ભાવમાં ૧.૨૭ રૂપિયાની અને ડિઝલના ભાવમાં ૧.૧૭

● અનુસંધાન પાન-૭ પર

# પાકને ત્રાસવાદી અને અપરાધીઓ સામે કાર્યવાહી કરવા કડક આદેશ

**ભારતનું દબાણ રંગ લાવ્યું : અમેરિકાનો પાકિસ્તાનને આદેશ : પાકિસ્તાની વડાપ્રધાન નવાજ શરીફ અને સેના વડા સાથે અમેરિકી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની ચર્ચા**



નવી દિલ્હી,તા. ૩૧

પાકિસ્તાનમાં સક્રિય થયેલા આતંકવાદીઓ અને અપરાધીઓને પકડી પાડવા અને તેમનો સફાયો કરવા ભારત દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોને હવે સફળતા મળી રહી છે. ભારતની મહેનત રંગ લાવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કારણકે, હવે અમેરિકાએ આતંકવાદને પ્રોત્સાહન આપનાર સામે કડક કાર્યવાહી કરવા પાકિસ્તાનને સીધી સુચના આપી છે. અમેરિકાએ પાકિસ્તાનથી અફઘાનિસ્તાનમાં અમેરિકી સ્થળો ઉપર મોટા હુમલા કરવા માટે જવાબદાર ખતરનાક ત્રાસવાદી સંગઠન હક્કાની નેટવર્કની સામે પણ કઠોર પગલા લેવાની સૂચના આપી છે.

અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સુસેન રાઈસે પાકિસ્તાનમાં એક દિવસની યાત્રા દરમિયાન આ મુજબની કઠોર સુચના આપી છે. પાકિસ્તાનના વડાપ્રધાન નવાજ શરીફ અને તેના સેના પ્રમુખ જનરલ રાહિલ શરીફ સહિત ટોચના પાકિસ્તાની નેતૃત્વ સાથે તેઓએ આ સંબંધમાં વાત કરી હતી અને કઠોર સંદેશો પણ આપ્યો છે. વ્હાઈટ હાઉસના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તા નેડ પ્રાઈસે વિગત આપતા કહ્યું છે કે, પાકિસ્તાનીઓને ક્ષેત્રિય શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે પોતાની સરહદની અંદર સક્રિય રહેલા અને છુપાયેલા આતંકવાદીઓ અને અપરાધીઓની સામે કાર્યવાહી કરવાના પ્રયાસોને ઝડપી કરવા અમેરિકાએ કહ્યું છે. પાકિસ્તાની અધિકારીઓએ પોતાની દલીલમાં કહ્યું છે કે, સુસેને પાકિસ્તાનને અફઘાનિસ્તાનમાં હાલમાં થયેલા હુમલાઓ બાદ હક્કાની નેટવર્ક સામે કઠોર પગલા લેવા માટે પણ કહ્યું છે.

# સંથારાને ગેરકાયદે ગણાવતા ચુકાદા પર સુપ્રીમનો સ્ટે

## કેન્દ્ર, રાજસ્થાન અને અન્યને નોટિસ ફટકારાઈ : રાજસ્થાન હાઈકોર્ટના નિર્ણયની સામે વિવિધ જૈન ધાર્મિક સંસ્થાઓ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરાઈ હતી



નવી દિલ્હી,તા. ૩૧

એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ઘટનાક્રમના ભાગરૂપે સુપ્રીમ કોર્ટે આજે સંથારાની ધાર્મિક પ્રવૃતિને ગેરકાયદે ગણાવવાના રાજસ્થાન હાઈકોર્ટના આદેશના અમલીકરણ ઉપર સ્ટે મુકી દીધો હતો. સંથારાને ગેરકાયદે ગણાવીને રાજસ્થાન હાઈકોર્ટે હાલમાં ભારે ચકચાર જગાવી હતી. સંથારા એક ધાર્મિક પ્રક્રિયા છે જેના ભાગરૂપે કોમ્યુનિટીના સભ્યો તેમના જીવનના છેલ્લા ભાગમાં ભોજનને છોડી દે છે. ચીફ જસ્ટીસ એચએલ દત્તુના નેતૃત્વમાં બેંચે હાઈકોર્ટના આદેશ ઉપર સ્ટે મુકી દીધો છે. હાઈકોર્ટના આદેશને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજીને સ્વિકારી લેતા વેળા આ મુજબનો આદેશ કરાયો હતો. આનો મતલબ એ થયો કે આ સ્ટે સુનાવણી માટે હાથ ધરવામાં આવે તે પહેલા સુધી ઓપરેશનમાં રહેશે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજસ્થાન સરકારને પણ નોટિસ ફટકારી છે. સંથારાનો મતલબ મૃત્યુ સુધી ઉપવાસ હોય છે. જૈન સમુદાયની વિવિધ સંસ્થાઓ દ્વારા રાજસ્થાન હાઈકોર્ટે સંથારા પ્રથા ઉપર મુકેલ પ્રતિબંધના આદેશ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ તમામ અરજીઓ ઉપર સુપ્રીમ કોર્ટની એક ખંડપીઠ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# આજે રાજય શિક્ષણ બોર્ડની સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય સભા આવતીકાલે બપોરે ૧૨:૦૦ કલાકે ગાંધીનગર સ્થિતિ બોર્ડની કચેરી ખાતે યોજાશે. જેમાં વિજ્ઞાન પ્રવાહનાં સેમેસ્ટર પ્રજા સહિતનાં મુદ્દાઓને લઈને આ બેઠક તોફાની બની રહે તેવી શક્યતા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય સભા આવતીકાલે યોજાવાની છે.

બોર્ડની ગાંધીનગર સ્થિત કચેરી ખાતે યોજાનાર આ સામાન્ય સભામાં રજુ થનાર તમામ મુદ્દાઓ તમામ કચેરીઓ અને સભ્યોને ૧૫ ઓગસ્ટ સુધી મોકલી આપવા માટેની મુદત આપવામાં આવી હતી. જે અંતર્ગત બોર્ડના સભ્યો અને સંબંધીત કચેરીઓ તરફથી મળેલા પ્રસ્તાવોનાં આધારે સામાન્ય સભામાં ચર્ચાનાર મુદ્દાઓની યાદી તૈયાર કરવામાં કરવામાં આવી છે. આવતીકાલે મળનાર બોર્ડની સામાન્ય સભામાં બોર્ડનો હિસાબ રજુ કરવામાં આવશે. તેમજ આગામી સમયમાં કરવામાં આવનાર ખર્ચની વિગતો બોર્ડના સભ્યોની મંજૂરી માટે રજુ કરવામાં આવશે.



અનામત આંદોલન - દિલ્હીની મુલાકાત બાદ અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચેલા પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલે આંદોલનના બીજા તબક્કાની તીવ્રતા અને દિલ્હીમાં મળેલી બેઠકની વિગતોની પત્રકારો સમક્ષ જાહેરાત કરી સાથીઓ સાથે નેતૃત્વનો અંદાજ વ્યક્ત રજૂ કર્યો હતો.

# અમદાવાદ શહેરના વિવિધ ભાગમાં વરસાદના ઝાપટા

## વરસાદમાં લાંબા વિરામ બાદ હળવા ઝાપટાઓથી ઠંડક

અમદાવાદ,તા. ૩૧

અમદાવાદ શહેરમાં મોડી રાત્રે શરૂ થયેલા હળવા વરસાદી ઝાપટાનો દોર આજે વહેલી સવાર સુધી જારી રહ્યો હતો. કેટલાક વિસ્તારમાં મધ્યમ ઝાપટા પડ્યા હતા. વરસાદી ઝાપટાના કારણે સવારમાં અનેક જગ્યાએ બાઈક સ્લીપ થઈ જવાના બનાવો બન્યા હતા. જો કે લાંબા ગાળા બાદ વરસાદી ઝાપટા પડવાના કારણે લોકોમાં ઉત્સુકતા વધી હતી. આ વખતે રાજયમાં ખુબ ઓછો વરસાદ રહ્યો છે. અત્રે નોંધનીય છે કે આ વર્ષે ઓગસ્ટ મહિનામાં બિલકુલ સુખાની સ્થિતિ રહી છે. ગુજરાતમાં ઓછા વરસાદનો આંકડો ૧૧ ટકા સુધી રહ્યો છે જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં આ ગાળા દરમિયાન માત્ર ૧૩.૪ મીમી જેટલો વરસાદ થયો છે. સમગ્ર ગુજરાતમાં ૩૯ એમએમ જેટલો વરસાદ નોંધાયો છે. હજુ સુધી ઓગસ્ટ ૨૦૧૪ના સૌથી વધારે સુખાની સ્થિતિ રહી હતી. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૨૦૧૪માં ક્રમશઃ ૩૧.૭ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે ગુજરાત પ્રદેશમાં ૨૦૫.૬ મીમી વરસાદ થયો હતો. વર્ષ ૨૦૦૬માં સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઓગસ્ટ મહિના દરમિયાન ૧૯૬ મીમી વરસાદ નોંધાયો હતો જ્યારે ગુજરાત પ્રદેશમાં આંકડો ૬૧૪.૭ મીમી નોંધાયો હતો. ૧૯૯૦માં સૌથી વધારે સાનુકુળ સ્થિતિ રહી હતી તે વખતે અમદાવાદમાં ૬૦૯.૮ મીમી વરસાદ નોંધાયો હતો. ઓછા વરસાદના કારણે ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

અલનીનોના વર્ષમાં હંમેશા ઓછો વરસાદ પડે છે. જ્યારે જમીન પર પાણી ગરમ થાય છે ત્યારે અલનીનોની સ્થિતિ સર્જાય છે. ૧૪મી ઓગસ્ટના દિવસે અમદાવાદ શહેરમાં આ મહિનાનો પ્રથમ વખત વરસાદ થયો હતો. તે વખતે કેટલાક વિસ્તારમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો.

# અનામત આંદોલનમાં મૃત્યુ પામનારના પરિજનોને આર્થિક સહાય અપાશે

**આંદોલનમાં મૃત્યુ પામનાર પાટીદાર લોકોના પરિજનોને ખોડલધામ ટ્રસ્ટ તરફથી એક-એક લાખ રૂપિયાની સહાય**

અમદાવાદ,તા. ૩૧

અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ગત ૨૫મી ઓગસ્ટે પાટીદાર અનામત આંદોલન મહાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાખોની સંખ્યામાં પાટીદાર સમુદાયના લોકોએ ભાગ લીધો હતો. આ મહાસભા દરમિયાન જીએમડીસી ખાતે ભારે અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. જેમાં અસામાજિક તત્વો દ્વારા તોડફોડ તેમજ વાહનોને આગ ચાંપી દેવાઈ હતી. જેના પગલે રાજ્યભરમાં અજંપાભરી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. આ ઘટનાના પગલે પોલીસ દ્વારા લાઠીચાર્જ કરવામાં આવતા મામલો વધુ બિચક્યો હતો. આ ઘટનામાં કેટલાક પાટીદાર સમુદાયના યુવકોને જેલમાં પણ પુરી દેવાયા હતા.

આ સમગ્ર ઘટનાના રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ત્યારે આજે એસપીજીના અધ્યક્ષ લાલજી પટેલે જણાવ્યું હતું કે, મૃત્યુ પામેલા પાટીદાર યુવકોને ત્રીજી સપ્ટેમ્બરના દિવસે શ્રદ્ધાંજલિ આપવામાં આવશે.








